# રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૩૨૭ કેસ

## કોરોનાને લીધે ૧૩નાં મૃત્યુ : અત્યાર સુધીમાં ૧૨૩૭૭૦ લોકો ડિસ્ચાર્જ થયા જ્યારે ૩૫૧૨નાં મૃત્યુ થયા : એક્ટિવ કેસની સંખ્યા ૧૬૭૪૫

ગાંધીનગર,તા.૫

રાજ્યમાં ૨૪ કલાકમાં ૫૭૫૧૩ ટેસ્ટ કરવામાં આવતા ૧૩૨૭ પોઝિટિવ કોરોનાના કેસ નોંધાયા હતા. આ સાથે કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૧ લાખ ૪૪ હજાર ૨૭ થયો છે. રાજ્યમાં આજે ૧૩ દર્દીઓના કોરોનાને લીધે મોત થયા કુલ મૃત્યુઆંક ૩૫૧૨ થયો છે. રાજ્યમાં આજે ૧૪૦૫ દર્દીઓ સાજા થયા હતા. આ સાથે કુલ ૧૨૩૭૭૦ દર્દી ડિસ્ચાર્જ થયા રાજ્યમાં આજે ૧૬૭૪૫ કોરોનાના એક્ટિવ કેસ છે. જેમાં ૯૪ વેન્ટીલેટર પર અને ૧૬૬૫૧ સ્ટેબલ છે. રાજ્યમાં સતત કોરોનાના કેસ ૧૩૦૦ને પાર થઈ રહ્યા છે.

આજે રાજ્યમાં કુલ ૫૯૪૬૩૨ વ્યક્તિઓ હોમ ક્વોરેન્ટાઈન છે અને ૪૪૯ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરેન્ટાઈન રાખવામાં આવ્યા છે. રાજ્યમાં સાજા થવાનો દર ૮૫.૯૪ ટકા થયેલ છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૪૭૦૨૭૭૬ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં આજે કોવિડ-૧૯ના કારણે ૧૩ના મોત થયા છે. અમદાવાદ શહેરમાં ૩, સુરત જિલ્લામાં ૩ અને શહેરમાં ૨, ભાવનગર શહેરમાં ૧, મહીસાગરમાં ૧, રાજકોટમાં ૧ અને વડોદરા શહેર અને જિલ્લામાં ૧ મોત નોંધાયુ છે. અમદાવાદ શહેરમાં ૧૬૫ અને જિલ્લામાં ૨૨ સાથે કુલ આજે ૧૮૭ કોરોનાના કેસ નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૩૭૮૨૧ થયો છે. આજે ૩ દર્દીના મોત થતા શહેરમાં મૃત્યુઆંક કુલ ૧૮૨૯ નોંધાયા છે. સુરતમાં આજે ૧૭૨ અને જિલ્લામાં ૧૦૪ કેસ નોંધાતા કુલ ૨૭૬ કોરોનાના કેસ નોંધાયા હતા.

આ સાથે સુરતમાં કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૩૦૫૭૧ થયો છે. આજે ૫ મોત સુરતમાં નોંધાતા કુલ મૃત્યુઆંક ૭૮૯ થયો છે. વડોદરા શહેરમાં ૮૧ અને જિલ્લામાં ૪૨ સાથે કુલ ૧૨૪ કોરોનાના કેસ નોંધાયા છે. આજે ૨ મોત થતા કુલ મૃત્યુઆંક ૧૯૩ થયો છે. રાજકોટ શહેરમાં ૧૧૦ અને જિલ્લામાં ૪૫ સાથે ૧૫૫ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે રાજકોટમાં કુલ સંક્રમિતનો આંકડો ૧૦ હજાર પાર થઈ ૧૦૦૨૭ થયો છે. આજે ૧ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૧૪૫ થયો છે. જામનગર શહેરમાં ૬૪ અને જિલ્લામાં ૨૬ સાથે ૯૦ કેસ કોરોનાના નોંધાયા હતા. આ સાથે કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૬૫૩૯ થયો છે.






## ‘સ્વઅનુશાસન યોગ છે’ નો કાર્યક્રમ હિંમતનગર ખાતે યોજાઈ ગયો

કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાને ચેરમેન યોગ સેવક શીશપાલજી ઉપસ્થિત રહ્યા હતા તેમજ સાબરકાંઠાના જિલ્લા કલેક્ટર સી.જે. પટેલ, શ્રીમતિ ચંદ્રીકાબેન (બ્રહ્માકુમારી), ગણપતભાઈ પટેલ (ઉદ્યોગપતિ), સુરેશભાઈ (આર.એસ.એસ. પ્રચારક) અને અન્ય મહાનુભાવો પણ હાજર રહ્યા હતા જેમાં મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્તિથ રહેલ.

## પ્રાંતિજ સ્વામિ વિવેકાનંદ શોપીંગ સેન્ટર આગળ થયેલ દબાણ વિવાદ નોટીસોમાં અટવાયું

પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ નગરપાલિકા સંચાલિત સ્વામી વિવેકાનંદ શોપીંગ સેન્ટર દુકાનો આગળ થયેલ દબાણ દુરકરવાનો મામલો હાલ તો જાણે દબાવવામા આવતો હોય તેમ માત્ર નોટીસો ઉપર નોટીસ આપીને ખાલી રજુઆતો કરવામાં આવી છે અને અરજદાર દ્વારા નીચેથી લઈને ઉપર સુધી રજુઆતો કરી હતી જ્યારે સીએમ ઓફિસ દ્વારા પણ પ્રાંતિજ પાલિકાને દબાણ દુર કરવા માટે લેખિતમાં જાણ કરી હતી પણ પાલિકા માત્ર દબાણ દુર કરવાની નોટીસ આપીને ખાલી મન વાળ્યું લંબાવવામાં આવતો હોય તેવું લાગી રહ્યું છે. તાજેતરમાં જ ખુદ પ્રાંતિજ-તલોદના પ્રાંન્ત અધિકારી (નાયબ કલેકટર) સોનલબા પઢેરીયા દ્વારા પણ દબાણ મામલે નગરપાલિકાને દબાણ દુર કરવા માટે લેખિતમાં જાણ કરવામાં આવી છે છતાં પણ પ્રાંતિજ




ટાઈમ પસાર કરવામાં આવી રહ્યો છે. દબાણ દુર કરવામાં માટે ખુદ નાયબ કલેક્ટરે પણ નગરપાલિકાને લેખિતમાં જાણ કરી છે.

પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે આવેલ નગરપાલિકા સંચાલિત નગરપાલિકાના ખુદના શોપીંગ સેન્ટર સ્વામી વિવેકાનંદ આગળ દુકાન માલિકો દ્વારા પતરાનો સેડ, દુકાન બહાર બાંધકામ, ઓટલા સહિતના દબાણ અંગે અરજદાર દ્વારા દબાણ દુર કરવા અનેકવાર હતું ત્યારે હાલ તો પ્રાંતિજ નગરપાલિકાના ચીફ ઓફિસર આકાશભાઈ પટેલ દ્વારા નોટીસો ઉપર નોટીસો આપીને ખાલી સમય પસાર કરતા હોય તેવું લાગે છે અને નોટીસ આપીને ભુલી જાય છે. અરજદાર દ્વારા નગરપાલિકામાં દબાણ દુર કરવા પુછતા ચીફ ઓફિસર આકાશભાઈ પટેલ દ્વારા બસ હજુ એક નોટીસ આપુ છુ તેવુ જણાવ્યુ હતું ત્યારે હાલ તો નોટીસો ઉપર નોટીસો આપીને ખાલી સમય નગરપાલિકાના ચીફ ઓફિસર આકાશભાઈ પટેલ દ્વારા નગરપાલિકાના ખુદના શોપીંગ સેન્ટર આગળ થયેલ દબાણ હટાવવા હજુ કેમ નોટીસો ઉપર નોટીસો આપી સમય પસાર કરે છે ત્યારે હાલ તો કંઈક રંધાયું હોય તેવું હાલ તો લોકમુખે ચર્ચાઈ રહ્યું છે ત્યારે હવે આવનારા દિવસોમાં જ ખબર પડશે કે દબાણ દુર થશે કે પછી હજુ નોટીસો આપી સમય ઉપર સમય પસાર કરવામાં આવશે એ તો હવે જોવું રહ્યું.

## ગુજકોસ્ટ આયોજીત રૂરલ આઈ.ટી. ક્વીઝ કોમ્પિટિશન ૨૦૨૦ સ્પર્ધામાં મોડાસાની પલ મોદી પ્રથમ

મોડાસા, તા. ૫

ગુજરાત ગુજકોસ્ટ દ્વારા આયોજિત રૂરલ IT ક્વીઝ કોમ્પિટિશન ૨૦૨૦ની સ્પર્ધામાં મોડાસાની કે.એન.શાહ સ્કૂલની વિદ્યાર્થીની પલ મોદીએ ગુજરાતમાં પ્રથમ નંબર મેળવી સ્કૂલનું અને સમાજનું ગૌરવ વધાર્યું હતું.

વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક અભ્યાસની સાથે સાથે વિદ્યાર્થી બુદ્ધિમત્તા અને વિદ્યાર્થી આજના વૈજ્ઞાનિક વિષય પર જાગૃતિ થાય તે હેતુસર ગુજરાત ગુજકોસ્ટ દ્વારા દર વર્ષે વિદ્યાર્થીઓને રૂબરૂ બોલાવી સ્પર્ધા યોજાતી હોય છે પણ આ વર્ષે કોરોના મહામારીમાં ગુજરાતની સ્કૂલોમાં ૮ થી ૧૨ ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઓનલાઈન રજીસ્ટ્રેશન દ્વારા રૂરલ IT ક્વિઝ કોમ્પિટિશનમાં રજીસ્ટ્રેશન કરાવી ઓનલાઈન સ્પર્ધા યોજાઈ હતી. IT ક્વિઝ સ્પર્ધામાં ગુજરાતના ૧૧૬૫ વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન થયું હતુ જેમાં ૨૦૦ વિદ્યાર્થીઓને IT ક્વિઝ કોમ્પિટિશનમાં પસંદગી કરવામાં આવી હતી. જેમાં મોડાસા કે.એન. શાહ મોડાસા હાઈસ્કૂલની વિદ્યાર્થીની પલ મોદી સ્કૂલના પ્રિન્સીપાલ મનીષ જોષી, શિક્ષક એસ.આર. પટેલ અને માતા પિતાના માર્ગદર્શન હેઠળ સ્પર્ધામાં હિસ્સો લઈ ૨૯ સપ્ટેમ્બરના રોજ લેવાયેલ IT ક્વિઝ કોમ્પિટિશનમાં સમગ્ર ગુજરાતમાં મોડાસાની પલ મોદી પ્રથમ નંબરે આવતાં સ્કુલનું અને સમાજનું ગૌરવ વધાર્યું હતું.



કે.એન. શાહ હાઈસ્કૂલના શિક્ષક એસ.આર. પટેલે જણાવ્યું હતું કે રૂરલ IT ક્વીઝ કોમ્પિટિશનમાં ધોરણ ૮થી ૧૨ વિદ્યાર્થીઓ હિસ્સો લઈ શકે છે અને જેનું રાષ્ટ્રીય લેવલે કર્ણાટક સરકાર અને ટીસીએસ કંપની દ્વારા આયોજન થાય છે અને ગુજરાત લેવલે ગૂજકોસ્ટ આયોજન કરે છે ત્યારે આ IT સ્પર્ધામાં પ્રથમ રાઉન્ડમાં સમગ્ર ગુજરાતમાં મોડાસાની પલ પ્રશાંતભાઈ મોદીએ ગુજરાતમાં પ્રથમ નંબર મેળવીને સ્કુલનું નામ રોશન કર્યું તે બદલ અભિનંદન પાઠવ્યા હતા અને આગળ રાષ્ટ્રીય લેવલે યોજાનાર સ્પર્ધામાં પલ મોદી અવ્વલ નંબરે રહી નામ વધારે તેવી આશા વ્યકત કરી હતી અને અરવલ્લી જિલ્લા લેવલે ગુજકૉસ્ટના આયોજનકર્તા સર પી. ટી. સાયન્સ કોલેજ મોડાસાના પ્રોફેસર ગિરીશ વેકરીયા દ્વારા પણ શુભકામનાઓ પાઠવી હતી. વિદ્યાર્થીની પલ મોદીએ પ્રથમ નંબર આવવા બદલ સ્કૂલના શિક્ષકો અને માતા પિતાને શ્રેય આપ્યો હતી.

## સમસ્ત બ્રહ્મ સમાજના અગ્રણી કમલેશ વ્યાસનું કોરોનાથી અવસાન

અમદાવાદ, તા. ૫

૫ ઓક્ટોબર સવારે ૭ કલાકે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજ્યકક્ષા)ના મુખ્ય સંગઠક અને



બ્રહ્મસમાજના કર્મીષ્ઠ સેવાભાવી કમલેશભાઈ વ્યાસ દેવલોક પામ્યા છે. છેલ્લા ઘણા દિવસોથી કોરોના મહામારીની ઝપેટમાં આવતા હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. પરંતુ તબિયત વધુ નાજુક થતાં પોતાનો અંતિમ શ્વાસ લીધો. તેમના અવસાનથી ગુજરાત રાજ્યના બ્રહ્મસમાજને ઘણું મોટું નુકશાન થયું છે. છેલ્લા ૩૦ વર્ષથી સતત બ્રહ્મસમાજ માટે નિસ્વાર્થ ભાવે સેવા આપી રહ્યા હતા અને એક કુશળ સંગઠનકર્તા બનીને સમગ્ર ગુજરાતના બ્રાહ્મણોને એક કરવા માટે ઝુંબેશ ચલાવી હતી. જેની ખોટ બ્રહ્મસમાજને અવશ્ય પડશે.

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ (રાજ્યકક્ષા)ના મહામંત્રી ડો. યજ્ઞેશ દવે અને અશ્વિન ત્રિવેદીના ખૂબ નજીકના સાથી મિત્ર અને પડછાયો બનીને સતત તેમની સાથે કાર્યશીલ રહેતા કમલેશભાઈ વ્યાસના નિધનથી સમગ્ર બ્રાહ્મણ સમાજ અને ડો. યજ્ઞેશ દવેની સમગ્ર ટીમ શોકની લાગણી અનુભવી રહી છે.

## રાજ્યના નેતાઓ પાસેથી પણ દંડ વસુલ કરો : હાઈકોર્ટ

### ગુજરાતમાં થતી રેલીઓ પર હાઈકોર્ટ ભડકી : સુઓમોટો અરજીની સુનાવણી કરતા હાઈકોર્ટની રેલીમાં સોશિયલ ડિસ્ટન્સનો અભાવ-નિયમોના ભંગને લઈ ટકોર

અમદાવાદ, તા. ૫

ગુજરાતમાં કોરોના વાયરસની મહામારીનો કહેર યથાવત જોવા મળી રહ્યો છે. કોરોના પોઝિટિવ કેસોની સંખ્યામાં સતત વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે રાજ્યમાં કોરોના કાળ દરમિયાન યોજાનારી પેટાચૂંટણીને લઈને અનેક સવાલો ઉઠી રહ્યાં છે.કોરોના મુદ્દે હાઈકોર્ટમાં સુઓમોટો અરજીનો મામલો હાઈકોર્ટની રાજકીય પક્ષોને ટકોર, રાજકીય રેલીઓમાં જ સોશિયલ ડિસ્ટન્સ નથી જળવાતું. રાજ્યમાં પેટાચૂંટણીને લઈને રાજકીય પક્ષો દ્વારા મોટી રેલી અને કાર્યક્રમો કરવામાં આવી રહી છે, જેના કારણે લોકોમાં કોરોના વાયરસ ફેલાવાનો ભય જોવા મળી રહ્યો છે. ત્યારે ગુજરાત હાઈકોર્ટે રાજ્યમાં થઈ રહેલી રાજકીય રેલીઓને લઈને લાલ આંખ કરી છે.

સુઓમોટો અરજી મામલે સુનાવણી કરતા હાઈકોર્ટે રાજકીય નેતાઓની રેલીમાં સોશિયલ ડિસ્ટન્સનો અભાવ અને નિયમોના ભંગને લઈને ટકોર કરી છે. ગુજરાત હાઈકોર્ટે રાજ્યમાં ઠેર-ઠેર રાજકીય નેતાઓની રેલી અને સરઘસની ગંભીર નોંધ લેતા આજે કહ્યું હતુ કે આ રેલીઓમાં નિયમો પ્રમાણે સોશ્યલ ડિસ્ટન્સ જળવાતું નથી. કોર્ટે આ મામલે રાજકીય પક્ષોને ટકોર કરી હતી અને કહ્યું હતુ કે નેતાઓ પ્રજાના માર્ગદર્શક હોય છે ત્યારે તેઓ જ ગેરમાર્ગે દોરી રહ્યાં છે. લાલૂઘમ હાઈકોર્ટે આદેશ આપતા પૂછ્યું કે, શું નેતાઓ ચાંદ પરથી આવ્યાં છે? કોરોના મુદ્દે હાઈકોર્ટમાં સુઓમોટો અરજી કરાઈ છે. જેમાં હાઈકોર્ટે રાજકીય પક્ષોને ટકોર કરી છે. રાજ્યમાં રાજકીય પક્ષો દ્વારા મોટી રેલી અને કાર્યક્રમો કરવામાં આવે છે. અને તેમાં સોશિયલ ડિસ્ટન્સનું પાલન પણ નથી કરાતું અને માસ્ક પણ નથી પહેરતા.



## હાથરસના પ્રત્યાઘાત અરવલ્લીમાં યથાવત

હાથરસ જિલ્લાના એક ગામમાં ૧૪ સપ્ટેમ્બરએ રોજ સવારે ૧૯ વર્ષીય યુવતી ગાય માટે ઘાસચારો લેવા બાજરાના ખેતરમાં ગઈ હતી ત્યારે નરાધમોએ તેની ઉપર ગેંગ રેપ કર્યો હતો અને યુવતી પર જીવલેણ હુમલો કરતા યુવતી ૧૫ દિવસ જેટલો સમય મોત સામે ઝઝુમ્યા બાદ દિલ્હીની સફદરજંગ હોસ્પિટલ ખાતે મોત સામેનો જંગ હારી ગઈ હતી. નિર્ભયા ગેંગરેપની જઘન્ય યાદોને તાજી કરતી ઘટનાના પડઘા સમગ્ર દેશમાં પડી રહ્યા છે ત્યારે મોડાસા તાલુકાના દધાલિયા ગામે યુવાનોએ એકઠા થઈ કેન્ડલ માર્ચ યોજી શ્રદ્ધાંજલી અર્પી હતી અને આ જઘન્ય ગુન્હામાં સંકળાયેલ આરોપીઓન ઝડપથી ફાંસીની સજા કરવામાં આવેની માંગ કરી હતી.

### આતંકી હુમલો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હુમલો થયા બાદ આતંકીઓ ઘટના સ્થળેથી ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા. આ ઘટના બાદ સુરક્ષાદળોએ હાઈવે ઉપર વાહનોની અવરજવર બંધ કરી દીધી છે અને હુમલાખોરોની શોધખોળ હાથ ધરી છે. સુરક્ષા દળોએ આતંકીઓની શોધખોળ માટે સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. છેલ્લા કેટલાક સમયથી જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી ઘટનાઓમાં વધારો થયો છે. પાછલા અઠવાડિયામાં પણ આતંકવાદીઓ તરફથી હુમલાની ઘણી ઘટનાઓ બની હતી. આ પહેલા ખીણમાં ઘણા રાજકીય કાર્યકરોની હત્યા પણ થઈ ચુકી છે. ૨૭ સપ્ટેમ્બરના રોજ પુલવામા જિલ્લાના અવંતીપોરાના સંબૂરા વિસ્તારમાં આતંકીઓ અને સુરક્ષાબળોની વચ્ચે અથડામણ થઈ હતી. સુરક્ષાબળોની પાસે ૨-૩ આતંકીઓ છુપાયાના ઈનપુટ હતા. ત્યારબાદ ઓપરેશનમાં સુરક્ષાબળોએ બે આતંકીઓને ઠાર કરી દીધા હતા. આ અથડામણ દરમ્યાન એક પોલીસકર્મી ઘાયલ થયા હતા.

### યુદ્ધ કરવા તૈયાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પરિસ્થિતિનો સામનો કરવા સંપૂર્ણપણે તૈયાર છે. તેમણે કહ્યું કે વાયુસેનાની સ્થિતિ ઘણી મહત્વપૂર્ણ છે. ભવિષ્યના કોઈપણ સંઘર્ષમાં વિજયની ખાતરી કરવા માટે, એરફોર્સ પરીક્ષણમાં સફળ રહેશે. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે આઈએએફ એટલી સક્ષમ છે કે તે દુશ્મનોના અડ્ડા પર અંદર સુધી જઈને હુમલો કરી શકે છે. તેમણે રાફેલનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે રાફેલ જ્યારે આઈએએફમાં જોડાશે ત્યારે વાયુસેના પહેલા હુમલો કરવા માટે સંપૂર્ણ સક્ષમ થઈ ગયું છે. પૂર્વી લદ્દાખમાં હાલમાં રાફેલ લડાકુ વિમાનો ઉડાન ભરી રહ્યા છે. તેમણે કહ્યું, "રાફેલની સામેલગીરીથી આઈએએફને આગળ વધીને અને પહેલા અને અંદર સુધી હુમલો કરી સકે છે.

એરફોર્સના એર ચીફ માર્શલ, આર.કે.એસ. ભદૌરીયાએ જણાવ્યું હતું કે પૂર્વ લદ્દાખમાં એલ.એ.સી. અંગે ચાલી રહેલા ટકરાવમાં ચીન દ્વારા ઉદ્ભવતા કોઈપણ ખતરાનો સામનો કરવા ભારત તૈયાર છે. તેમણે કહ્યું કે એમાં કોઈ સવાલ નથી કે સંઘર્ષની સ્થિતિમાં પડોશી દેશ ચીન ભારતને પરાજિત કરી શકે છે. તેમણે સ્વીકાર્યું કે ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (પી.એલ.એ.) માં હવા-થી-હવા એસોલ્ટ સિસ્ટમ્સ સહિત વધુ શક્તિ છે. લાંબા અંતરના હવાઈ હુમલાઓ અને ચેંગદુ જે -૨૦ જેટ જેવા સક્ષમ શસ્ત્રો પણ તૈનાત કર્યા છે. ચેંગદુ એક પાંચમી પેઢીનું ફાઈટર જેટ છે જે અદ્યતન સેન્સર અને શસ્ત્રોથી સજ્જ છે. પરંતુ એન્જિન ટેક્નોલોજીની બાબતમાં તે ખૂબ પાછળ છે.

તેમણે કહ્યું હતું કે ચીન પાસે તેના ક્ષેત્રમાં વિશેષ સત્તાઓ છે પરંતુ વાયુ સેના દરેક પ્રકારની પરિસ્થિતિનો સામનો કરવા માટે તૈયાર છે. તેઓએ આશા પણ વ્યક્ત કરી છે કે લદાખ ક્ષેત્રે ચીન સાથેના ડિસએન્ગેજમેન્ટ વાટાઘાટો સફળ થશે. ભારત અને ચીન વચ્ચે ૧૨ ઓક્ટોબરે સાતમા સ્તરની કોર કમાન્ડરની વાતચીત યોજવાની છે. વાયુસેનાના વડાએ તાજેતરમાં કહ્યું હતું કે, ઉત્તરીય સરહદો પર હાલની સ્થિતિ ખૂબ જ પડકારજનક બની ગઈ છે. તેમનો ઈશારો ચીનની સરહદ તરફ હતો. આઈએએફના ચીફ, ચીફ એર માર્શલ ભદૌરીયાએ વીડિયો કોન્ફરન્સ દ્વારા પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, ’આપણી ઉત્તર સરહદો પર હાલનું સુરક્ષા દશ્ય ખૂબજ અસહજ છે, આ સમયે યુદ્ધ પણ નથી કે શાંતિની સ્થિતિ પણ નથી. રાફેલ જેટના તાજેતરના સમાવેશ સાથે, આઈએએફની ક્ષમતાઓ વ્યૂહાત્મક રીતે ઝડપથી વિકસિત થઈ છે. ’ રાફેલ જેટને રાફેલથી ચિનૂક સુધીના એરફોર્સ ડેના પ્રસંગે આયોજિત થનારા ફ્લાય પાસ્ટમાં પણ સામેલ કરવામાં આવશે. આ સમયગાળા દરમિયાન કુલ ૫૬ વિમાનોનો સમાવેશ કરવામાં આવશે, જેમાં ૧૯ હેલિકોપ્ટર અને સાત પરિવહન વિમાનનો પણ સમાવેશ થાય છે. એરફોર્સ ડે નિમિત્તે, તેઓ પહેલીવાર આ કાર્યક્રમનો ભાગ બનશે. આ દરમિયાન રાફેલને પહેલી વાર એરફોર્સ ડે પર દિલ્હીના આકાશમાં ઉડતા જોઈ શકાશે. રાફેલ ઉપરાંત જગુઆર, સુખોઈ -૩૦, મિગ -૨૯, તેજસ, મિરાજ ૨૦૦૦, મિગ -૨૧ બાઈસન પણ એરફોર્સ ડે નિમિત્તે પરેડમાં ભાગ લેશે. આ ઉપરાંત, પરેડમાં એમઆઈ -૩૫, અપાચે એટેક હેલિકોપ્ટર, સી -૧૭ ગ્લુબમાસ્ટર અને સી ૧૩૦ જે સુપર હર્ક્યુલસ પણ જોવા મળશે. તો વળી, ચિનૂક મલ્ટિ-મિશન હેલિકોપ્ટર ફ્લાઈટ પાસ્ટ દરમિયાન સ્પેશિયલ એપિરિયન્સની ભૂમિકામાં રહેશે.

### વળતર ચૂકવાશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવશે. તે જ સમયે, ૨૪ હજાર કરોડની આઈજીએસટી અગાઉ એકત્રિત કરવામાં આવી હતી, તે આગામી સપ્તાહના અંત સુધીમાં રાજ્યોને આપવામાં આવશે. કેન્દ્ર તરફથી ભંડોળના અભાવને કારણે ઘણા રાજ્યોની આર્થિક સ્થિતિ ખૂબ કથળી છે, જેના કારણે ત્યાંના કર્મચારીઓને પગાર ચૂકવવા પૈસા નથી. જીએસટી વળતરને વહેંચવા કેન્દ્ર પાસે કોઈ પગલાં નથી, ચિદમ્બરમે ૪૨ મી જીએસટી કાઉન્સિલની બેઠકમાં જણાવ્યું હતું. નાણાં સચિવ અજય ભૂષણ પાંડેએ જણાવ્યું હતું કે ૧ જાન્યુઆરીથી કરદાતાઓનું વાર્ષિક ટર્નઓવર રૂ. ૫ કરોડથી ઓછું છે, તેમને માસિક રિટર્ન ફાઈલ કરવાની જરૂર રહેશે નહીં એટલે કે જીએસટીઆર ૩ બી અને જીએસટીઆર ૧. તેઓ ફક્ત ત્રિમાસિક વળતર ફાઈલ કરી શકશે.

### કોરોના હોટસ્પોટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફરજો બજાવતા ૨૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા જે સે. ૨૬ માં રહે છે તેમનો રિપોર્ટ પણ પોઝીટીવ આવતાં હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૭ માં રહેતા અને મુખ્યમંત્રીના કાર્યાલયમાં ક્લાર્ક તરીકે ફરજો બજાવતા ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૨માંથી આજે ૫૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં સતત કેસો વધી રહ્યા છે આ સાથે કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા પણ વધી રહી છે. શહેરમાં હાલ ૨૩૦ જેટલા કન્ટેનમેન્ટમાં ૧૬ હજારથી વધુ લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

શહેરમાં હોમ આઈસોલેશન હેઠળ રહેલા દર્દીઓની સંખ્યા વધતાં તંત્રની કામગીરી પણ વધવા પામી છે. હોમ આઈસોલેશન હેઠળ ૧૪૦ થી વધુ દર્દીઓ હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં નોંધાયેલા કેસો પૈકી આજે વધુ ૧૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

### બોર્ડ પરીક્ષા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ વિશેષ ધ્યાન રાખવામાં આવ્યુ છે. આ અંગે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પરિપત્ર પણ જારી કરવામાં આવશે. ધો -૯ થી ૧૨ માં વિષયોના અભ્યાસક્રમ અંગેના પ્રકરણો મુદ્દાઓ અંગેની સઘળી વિગતો જિલ્લા શિક્ષણાધિકારી મારફતે બોર્ડની માન્યતા ધરાવતી તમામ શાળાઓને મોકલી દેવાશે. આ ઉપરાંત આ વિગતો બોર્ડની વેબસાઈટ પર પણ મુકવામાં આવશે. આ ઉપરાંત બોર્ડની પરીક્ષાના સમયમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા દરવર્ષે સામાન્ય રીતે માર્ચ મહીનામાં યોજવામાં આવે છે. પરંતુ આ વર્ષે આ પરીક્ષા ૨૧ મેં ના રોજ લેવાશે. જયારે ધો- ૯ થી ૧૧ ની પરીક્ષા જુન મહીનામાં લેવાશે. અભ્યાસક્રમમાં ઘટાડા સાથે પરીક્ષાના ટાઈમટેબલમાં પણ ફેરફાર કરવામાં આવ્યો હોવાથી વિદ્યાર્થીઓ તણાવમુકત વાતાવરણમાં પરીક્ષા આપી શકશે.

### થાંભલા બંધ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાથ ધરાયુ છે. જયારે આ સ્થિતિ વચ્ચે છેલ્લા દોઢ મહીનાથી લાઈટો બંધ હોય તેવા વિસ્તારમાં નાગરિકો ત્રાહીમામ પોકારી ગયા છે. એકબાજુ વરસાદી પાણીના નિકાલની લાઈનનુ કામ પણ ધીમી ગતિએ ચાલી રહ્યુ છે. માર્ગો આસપાસ ખાડા ખોદીને ભુંગળા અને માટીના ઢગ પણ માર્ગ વચાળે ખડકી દેવાયા છે. આવા સંજોગોમાં સ્થાનિકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. ત્યારે સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો પણ ઘણાં ઠેકાણે બંધ હાલતમાં છે. આ સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા જે સેકટરોમાં ખોદકામ પુર્ણ થઈ ગયુ હોય તેવા સેકટરોમાં લાઈટ ચાલુ કરવા માટે ટીમો કામે લગાડી દેવામાં આવી છે. ટુંકમાં જ આ બધા વિસ્તારમાં અજવાળુ પથરાશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

### બેકાબુ બન્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માણસા તાલુકાના મોતીપુરા ગામેથી ૬૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

કલોલ તાલુકાના પાનસર ગામેથી ૪૮ વર્ષીય યુવા વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લામાં આજે વધુ ૧૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૯૮૦ દર્દીઓ કોરોના મુક્ત થયા છે.

જિલ્લામાં હાલ ૧૫૦ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૫૧૫૩ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

### શહેરી બસ સેવામાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૪૯ મુસાફરો મુસાફરી કરી શકશે. છેલ્લા ૬ મહીનાથી એસ ટી બસમાં લોકડાઉન બાદ પણ મુસાફરોની સંખ્યામાં ઘટાડો થયો છે. જયારે કોરોનાના સંક્રમણથી બચવા માટે મુસાફરો પોતાના વાહનો કે ખાનગી વાહનોમાં મુસાફરી કરવાનુ પસંદ કરે છે. જેના લીધે એસ ટી નિગમે પણ કોરાનાકાળમાં મોટી આર્થિક ખોટ સહન કરવાનો વારો આવ્યો છે. ગાંધીનગર ડેપોન પણ પણ પ્રતિમાસ અંદાજિત ૭૦ લાખથી વધુ ખોટ સહન કરવી પડે છે. જયારે કેટલીક વાર મુસાફરોની ભીડ પણ જામે છે. ત્યારે નિયત સંખ્યાને ધ્યાનમાં રાખી નવી બસ મુકવા માટેના આયોજનની મથામણ પણ મુશ્કેલી રૂપ બને છે. આવા સંજોગોમાં વધુ મુસાફરો બેસાડવાનુ આયોજન કરવામાં આવતા એસ ટી તંત્ર અને મુસાફરો બન્ને હાંશકારો થયો છે.

## ભિલોડા તાલુકાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં કૃષિ વિધેયક અંગે બેઠક યોજાઈ

ભિલોડા, તા.૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના કુંડોલ પાલ જીલ્લા પંચાયત સીટના સિલાદ્રી,વજાપુર સહિત વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં કૃષિ વિધેયક બીલ અંગે બેઠક યોજાઈ હતી. કૃષિ બીલ અંગે ચર્ચા-વિચારણા અને કૃષિ બીલ સંદર્ભે જાગૃતિ ફેલાવવા ખેડુતોને યોગ્ય માર્ગદર્શન અપાયું હતું. હસમુખભાઈ મડીયા, નીલાબેન મડીયા, એન.કે. કલાસવા, ભુરજીભાઈ સહિત ભાજપના હોદ્દેદારો, સામાજીક કાર્યકરો, ગ્રામજનો, ખેડુતો ઉપસ્થિત રહ્યા હતા.